## માનવ જીવનનું કર્તવ્ય (લેશન – ૧)

દરેક જીવને પોતાના આત્મા જેવો માની તેનું ભલું કરવું જોઈએ. કોઈનું પણ બુરું કરવું નહિ. દરેક જીવનું ભલું થાઓ એવી ભાવના રાખવી. કોઈ પણ જીવને છેતરવો નહિ. માબાપનો ઉપકાર ભુલવો નહિ. દેવ ગુરૂ ધર્મની સેવા કરવી. સાધર્મિક ભક્તિ કરવી. ગરીબો–અપંગોની સારસંભાળ રાખવી. ન્યાય–નીતિથી વ્યાપાર કરવો. કોઈને ખોટી સલાહ આપવી નહિ. કોઈ પણ જીવને મારવો નહિ. બ્રહ્મચર્યનું પાલન કરવું. પરસ્ત્રી સામે ખરાબ દ્રષ્ટિ કરવી નહિ તથા ક્યારેય ક્રોધ, અભિમાન, માયા લોભ કરવા નહિ, અને બધા પાપોનો ત્યાગ કરી દીક્ષા લેવી કારણકે, આપણો સંસાર અસાર છે તે, દુ:ખીથી ભરેલો છે, તેમાં કર્મની પરાધીનતા ભોગવવી પડે છે. શરીરની ગુલામી કરવી પડે છે ત્યાં, સાચું સગું કોઈ નથી, માટે રોગો–ઘડપણ અને મૃત્યુ નિરંતર કરવા પડે છે. બધી વસ્તુઓ ક્ષણભંગુર છે માટે ધર્મ સિવાય સાચું શરણ નથી, માટે શરીર રોગો અને ગંદકીથી ભરેલું છે, લાખો જીવોનો નાશ કરી પેટ ભરવું પડે છે. માતા મરીને સ્ત્રી મરીને માતા બને છે. ખાવા, પીવા, ભોગવવા છતાં તૃપ્તિ નથી, અને અંતે બધું મુકીને જ મરવું પડે છે.

જ્યારે મોક્ષમાં એકલું સુખ છે, ત્યાં કર્મની ગુલામી નથી, શરીરની પરાધીનતા નથી, ભૂખ–તરસ–રોગો નથી, જન્મ–ઘડપણ–મરણ નથી, ત્યાંથી નીચે કદી પડવાનું નથી, તથા મોક્ષમાં આપણાં અનંત ગુણો છે, ક્યારેય કોઈ જીવની હિંસા નથી, મોક્ષમાં કોઈ પણ ઈચ્છા થતી નથી મોક્ષમાં કોઈ પણ દોષ નથી, અને મોક્ષમાં પૂર્ણ આનંદ છે માટે મોક્ષ જ સાર છે, અને તે દીક્ષા ેવાથી આવા અનંત સુખમય મોક્ષમાં જવાય છે.

## જીવનમાં આટલું યાદ રાખશો કે...
## (લેશન – ૨)

બની શકોતો તમે ઉદાર બનજો, પરંતુ ઉડાઉ ન બનતા, કરકસરી બનજો, પરંતુ કંજુસ ન બનતા. આવક પ્રમાણે ખર્ચ રાખજો. ખોટા–દેખાદેખીના ખર્ચ કરશો નહિ. સાચામિત્ર કે અનુભવીની સલાહ મુજબ વર્તજો. તોલી તોલીને નિર્દોષ વચન બોલજો. બહુ બોલ બોલ કરવાની આદતને છોડી દેજો. દુ:ખ અને નિરાશાના વિચારો કદી ન કરશો. સદા આનંદી અને આશાસ્પદ વિચાર કરજો, હંમેશા ન્યાય અને નીતિના માર્ગે ચાલવામાં અંતે કલ્યાણ છે તે નક્કી માનજો. રોજ એકાદ કલાક ધાર્મિક સાહિત્ય અવશ્ય વાંચજો. કેવળ પોતાનાજ સુખ–દુ:ખના વિચારવાળા સ્વાર્થી ન બનતા. તમારી ઈન્દ્રિયોને મન ફાવે ત્યાં છૂટી ન મૂકતાં. આત્મા કઇયાણ માટે સદા જાગ્રત રહેજો. તમે કેવળ પૈસા કે મોજ શોખ માટે જન્મ્યા નથી પરંતુ આત્માની ઉન્નતિ માટે જન્મ્યા છલ, તે ન ભૂલશો અને ખાસ શિક્ષણ એવું લેજો કે જેથી તમારા જીવનમાં સદાચાર, સંસ્કાર અને સમભાવ આવે. અને તમે નક્કી જાણજો કે પરોપકાર સમાન આ જગતમાં કોઈ મોટું પુણ્ય નથી. પરોપકાર કરવો એજ જન્મ પામ્યાનું ફળ છે. તથા પરોપકાર કરવાથી મનુષ્ય શ્રેષ્ઠ બને છે. તમારી પાસે જે તનતી, મનની, ધનની, સત્તાની, જ્ઞાનની, શક્તિ હોય તે દ્વારા તમે પરનું હિત થાય તેવું કાર્ય કરો. કારણકે જડ જેવા ગણાતા વૃક્ષો–નદીઓ અને સૂર્યચંદ્ર પણ જીવો પર જ્યારે ઉપકાર કરે છે. તો માનવ જેવા માનવ થઈ તમે ઉપકાર ન કરો તો તમે માનવ શાના? અને ખરેખર તમને બીજાની સેવા લેવાની આદત હોય તો છોડજો. પોતાનું કામ પોતાની જાતે જ કરતાં શીખજો. વડિલો પાસે તમારું કામ ન કરાવશો. ઉપકારીઓના ઉપ્કારનો બદલો વાળવા પ્રયત્ન કરતા રહેશો અને જે દિવસે પરોપકાર કરવાનો ન મળે તે દિવસે તમે અફળ માનજો પરંતુ પરોપકારનું વ્યસન પાડજો. પરોપકાર કરતાં કદાચ કોઈ આડુઅવળું બોલે તો ગણકારશો નહિ.

# ભોજન કરતા પહેલા (લેશન – ૩)

જીવનમાં ભોજન કરવાની પણ એક કળા છે. તેમ બધાને ખબર નથી હોતી શરીરને ટકાવવા ભોજન કરવાનું પરંતુ તેના દ્વારા ધર્મકમાણી કે પુણ્ય કમાણી માટે શરીર પાસે કર્મ કરાવવવાનું છે. સહુપ્રથમ જમતાં પહેલાં સુશ્રાવક સુપાત્રદાનનો લાભ મલ્યો કે નહિ? તેમ જ માતાપિતા વગેરે જમ્યા કે નહિ, તેની તપાસ કરી પછી જમે. તે પછી ભોજન પાટલો, થાળી, વાટકી વગેરેને જોઈને પુંજીને વાપરજો. ભાણામાં આવેલ ચીજોને બરાબર જોઈ તપાસીને ખાજો. રખેને કોઈ તેમાં કીડી, ધનેરૂ, ઈયળ, વાળ, લાકડાનો ટુકડો, કાંકરો વગેરે ખાવામાં ન આવી જાય. જમતાં જમતાં વાતો અથવા ડાફોળીયાં ન મારતા, પરંતુ ભાણામાં નીચે નજર રાખી જમશો. જમતાં સારી ગમતી ચીજનાં વખાણ કરતાં નહિ અને ન ગમતી –નભાવતી ચીજને વખોડતા નહિ. જમવા માટે તમારી માતા કે બહેન સાથે કોઈ જાતનો ઝઘડો કે રીસામણાં કરતાં નહિ. જમતાં એઠું મુકશો નહિ. થાળી ધોઈને પીશો તો એક આયંબીલનો લાભ મઈશે. જેમ બને તેમ ઓછી ચીજો અને ઓછું ખાશો. પરે તેટલું જ જમશો. ભૂખ વગર કદી ખાશો નહિ. હોટલોનાં બહારના હલકાં અપવિત્ર ગંદા ખાનપાન કદી કરશો નહિ. બહુ મીઠાઈઓ, ખાવી પીઝા, પાણીપૂરી, પાંઉભાજી, ચવાણા ચેવડા ખાવા વગેરે આરોગ્યના શત્રુઓ છે. વારેવારે ગમે ત્યારે ખાવાની આદત ન પાડશો. હરતાં ફરતાં ખાવાની ટેવ સારી નથી. સારો માણસ, રસ્તામાં – બજારમાં કે ગમે ત્યાં ઊભા કે ચાલતાં ભીખારીની માફક ખાતો ફરે નહિ. આઠમ ચૌદશ જેવા પર્વદિવસોમાં જમવાનું છોડી તપનો પણ જરા સ્વાદ લેશો ને? આયુર્વેદ પણ કહે છે કે આરોગ્ય ખાતર પણ અઠવાડીયે માણસે એકાદ ઉપવાસ કરવો જોઈએ. અને હાં, ભોજન લેવું પડે ત્યારે કોરા કે લખેલા કાટળમાં કદી પણ જમશો નહિ. તેથી જ્ઞાનાવરણીય કર્મ બંધાય છે. આઈસ્ક્રીમ, સરબત, બરફ કે તેવાં ઠંડા પીણાં પીશો નહિ. તેનાથી જીવહિંસા થવા ઉપરાંત પાચન શક્તિ ઉપર બૂરી અસર થાય છે. બહુ ગરમ ચીજ પણ ખાવી–પીવી નહિ. આપણા આત્માના અનાહારી– ન જમવાના સ્વભાવ તરફ દૃષ્ટિ પણ રાખશો. જમવામાં બટાટા વગેરે કંદમૂળ, દ્વીદળ, વાસી માખણ વગેરે અભક્ષ્ય ચીજો જ આવી જાય તેનો ખ્યાલ રાખશો. સાદો અને સ્વચ્છ ઘરે બનાવેલો ખોરાક ખાવાનો આગ્રહ રાખશો.

jainuniversity.org
सर्व ज्ञानाय भवतु

ઓ વીર બાળકો,

અને વ્હાલા બાળકો,

પ્રણામ/જય જીનેન્દ્ર

તમેજોયુ હશે કે,

આ આખુ વિશ્વ વિશ્વાસ અને વફાદારીથી ચાલે છે.

કોઈ પણ દેશનાં વડાપ્રધાન પોતે સર્વ પ્રથમ વડાપ્રધાન પદ ગ્રહણ કરતાં પહેલાં દેશને વફાદાર રહેવાની અને ગુપ્તતાની પ્રતિજ્ઞા જાહેર કરે છે. સર્વોચ્ચ સ્થાને રહેલા રાષ્ટ્રપતિ પણ હોદ્દો ગ્રહણ કરતા પહેલાં નિયમ અને પ્રતિજ્ઞા જાહેરમાં ગ્રહણ કરે છે.

દરેક અભ્યાસ બુકમાં પણ દરેક દેશવાસીઓને પોતાની પ્રતિજ્ઞા હોય છે અરે !

પૂ.સાધુ–સાધ્વીજી ભગવંત પણ દીક્ષા ગ્રહણ કરતી વખતે બાર વ્રતની પ્રતિજ્ઞા સ્વીકારે છે. તો સંસારમાં રહીને આપણી પ્રતિજ્ઞા કેવી હોવી જોઈએ ? શ્રી મહાવીર પ્રભુ પ્રત્યે વફાદારી વિશ્વાસ કેવી રીતે પ્રગટ થવો જોઈએ તે આજે જોઈએ. પ્રથમ નવકાર મંત્ર બોલીએ.

## શ્રી નમસ્કાર મહામંત્ર

નમો અરિહંતાણં ।

નમો સિદ્ધાંણં ।

નમો આયરિયાણં ।

નમો ઉવજ્ઝાયાણં ।

નમો લોએ સવ્વસાહૂણં ।

એસોપંચ નમુક્કારો,

સવ્વ પાવપ્પણાસણો ।

મંગલાણં ચ સવ્વેસિં,

પઢમં હવઈ મંગલં ।

# સરસ્વતી વંદના

જેના નામ પ્રભાવથી અબુધના કષ્ટો બધા નાસતા,

જેના નામ જાપ કારણથી વિબુધના કાર્યો સદા શોભતા

જેના ધ્યાન થકી મળે ભાવિકને પુન્યૌધની સંપદા

ભાવે તે શ્રુત શારદા ચરણમાં હોજો સદા વંદના.

jainuniversity.org

# શાસન વંદના

જિનશાસનને વંદન કરતાં, આનંદ અતિ ઉભરાયે

એની રક્ષા કરવા કાજે, જીવન અર્પણ કરીયે

વીર બાળકો, વીર બાળકો, વીર બાળકો.... (૧)

સ્વનું જીવન પ્રથમ આપણે, શુદ્ધિયુક્ત કરશું

પછી મૈત્રીને ભક્તિના દાવે, વિશ્વમાત્રમાં ફરશું

જિનશાસનની દિવ્યધ્વજાને ગગને લહેરાવીયે.. એની રક્ષા... (૨)

સાચા છે વીતરાગ અને સાચી છે એની વાણી,

આધાર છે પ્રભુ આજ્ઞાને, બાકી ધુળધાણી

એ જીવન મંત્ર છે આપણો, ચાલો મંત્રિત થઈએ.. એની રક્ષા... (૩)

આપણી સામે આદર્શો છે, કેવા ભવ્ય ચમકતાં

કાલક–કલ્પક–કુણાલ–કપર્દિ–કુમારપાલ મનગમતાં

એ ઈતિહાસનું નવ સર્જન કરવા તત્પર બનીએ.. એની રક્ષા... (૪)

નથી જોવાતી નથી સહેવાતી, હિલના જિન–શાસનની

માં તુજ ખાતર ફના થઈ જાશું, નથી પરવા જીવનની

આશિષ દે માં જંગ જિતવા, કેસરીયા સહુ કરીએ.. એની રક્ષા... (૫)

સર્વ જ્ઞાનાય ભવતુ

# જૈન પ્રતિજ્ઞા પત્ર

સિદ્ધશિલા એ મારો દેશ છે

અરિહંત ભગવાન મારા પ્યારા છે

પાંચ મહાવ્રત પાલક પૂ. સાધુ–સાધ્વીજી ભગવંત મારા ગુરુ છે

જિનેશ્વર પ્રભુની આજ્ઞા એ મારો જૈન ધર્મ છે

વિશ્વનો પ્રત્યેક જીવ મારો પરમ મિત્ર છે

હું મારા માતા–પિતા, વિદ્યાગુરુ–વડીલો અને ધર્મગુરુ પ્રત્યે સદા વિનયી બનીશ

હું નિયમિત પ્રભુપૂજા અને ગુરુ જનોના દર્શન–વંદન કરીશ.

હું સર્વજીવો પ્રત્યે મૈત્રીભાવ રાખીશ, હું મારા ધર્મને ખુબ ચાહુ છું.

ધર્મના વિશાળ અને સમૃદ્ધ જ્ઞાન વારસાનો મને ગર્વ છે.

હું જૈન ધર્મની સંપૂર્ણ રક્ષા કાજે ત્યાગ અને સમર્પણ ભાવના રાખું છું તથા હું મોક્ષ મેળવવા સંપૂર્ણ પ્રયત્ન કરીશ.

નોટ:– દરેક પાઠશાળાના શિક્ષકોએ, પ્રથમ વાર આવનાર બાળકો પાસે જાહેર પ્રતિજ્ઞા પાઠશાળામાં મોટેથી બોલાવવી.

## સમ્યગ્જ્ઞાનના પાંચ ખમાસમણા

jainuniversity.org
सर्व ज्ञानाय भवतु

o સમકિત શ્રદ્ધાવંતને, ઉપન્યો જ્ઞાન પ્રકાશ ।

પ્રણમુ પદકજ તેહના, ભાવ ધરી ઉલ્લાસ ॥

ૐ હ્રીં શ્રી મતિજ્ઞાનાય નમો નમ: । ઇચ્છામિ ખમા...

o પવયણ શ્રુત સિદ્ધાંત એ, આગમ સમય વખાણ ।

પુજો બહુવિધ રાગથી, ચરણ કમલ ચિત્ત આણ ॥

ૐ હ્રીં શ્રી શ્રુતજ્ઞાનાય નમો નમ: । ઇચ્છામિ ખમા...

o ઉન્યો અવધિજ્ઞાનનો, ગુણ જેહને અવિકાર ।

વંદના તેહને માહરી, શ્વાસમાહેં સો વાર ॥

ૐ હ્રીં શ્રી અવધિજ્ઞાનાય નમો નમ: । ઇચ્છામિ ખમા...

o એ ગુણ જેહને ઉપન્યો, સર્વ વિરતિ ગુણઠાણ ।

પ્રણમું હિતથી તેહના, ચરણ કમલ ચિત આણ ॥

ૐ હ્રીં શ્રી મનઃ પર્યવજ્ઞાનાય નમો નમઃ । ઇચ્છામિ ખમા...

□ પરમ જ્યોતિ પાવન કરણ, પરમાતમ પરધાન ।

કેવલજ્ઞાન પુજા કરી, પામો કેવલજ્ઞાન ॥

ૐ હ્રીં શ્રી કેવલજ્ઞાનાય નમો નમઃ । ઇચ્છામિ ખમા...

સુચના:– 'ૐ હ્રીં નમો નાણસ્સ' આ મંત્રની ૫ માળા ગણવી.

jainuniversity.org

# English Stutis

1) A-B-C-D-E-F-G આદીશ્વર અલબેલાજી
H-I-J-K-L-M-N પ્રભુ – પૂજા કરલો નેમ (નિયમ)
O-P-Q-R-S-T-U ભક્તોં કા રખવાલા તું
V-W-X-Y-Z સબ મિલ બોલો જય–જય–જય...

**2) Welcome-Welcome Jineshwara**
**Give me Darshana Simandhara**
**Always I Do Pooja-Seva**
**Love I Agam-Shasan-Seva**
**All Tirth First of Siddha-Chala**
**There is Dada-Adhishwara**
**Oh ! My dear Dayalu-Deva**
**We want Children Moksha-Meva...**

**3) A-For O My Adhinath**
**Be with me in every Path**
**Never Forget Naughty Son**
**You are Father Super-One...**

**4) Save me Shantinath Dada**
**Show me true way o” Dada**
**How to walk in blakish night**
**Give me your Super-Light...**

**5) Zuk-Zuk-Zuk-Zuk... Running Train**
**World is full of sorrow pain**
**Parshwanath Dada You are best**
**In this world we all are guest**

**6) I am candle you are light**
**I am eye and you are sight**
**I am heart and beats you are**
**Mahavir Swami not you are far...**

**7) So many stars are in the sky**
**Counting ever can’t I try**
**Ocean I cannot measure**
**Such is Mahavir Swami’s treasure...**

# હમ હૈ નન્હે બચ્ચે...

હમ હૈ નન્હે બચ્ચે, હમ બનેંગે સચ્ચે,

આપસ મેં નહિ ઝગડેંગે, કીસી સે નહિ લડેંગે... (૧)

ઔરોં કા દુઃખ લેંગે હમ, ખુશીયાં સબકો દેંગે હમ,

હસતે હસતે જીયેંગે, આંસૂ સબકે પીયેંગે... (૨)

મેરે સુખમેં સબકા હિસ્સા, સબસે મેરા પ્રેમકા રિશ્તા,

મૈ લે લુંગા સબકા દુઃખ, સબ કે સુખ મેં મેરા સુખ... (૩)

jainuniversity.org

થોડા બોલો મીઠા બોલો, બોલી મે થોડી શક્કર ઘોલો,

કમ ખાના ઔર ગમ ખાના, બડો કે આગે નમ જાના... (૪)

આધી રોટી ખાયેંગે, જૈન ધર્મ નિભાયેંગે (મહાવીર કે ગુણ ગાયેંગે)

આંધી હો યા તુફાન હો, આગે બઢતે જાયેંગે, આગે બઢતે જાયેંગે... (૫)

# મેરી મમ્મી પ્યારી હૈ...

મમ્મી મેરી પ્યારી હૈ, ખુશિયોંકી ફુલવારી હૈ,

મમ્મી સે નહિં રૂઠેંગે, સુબહ જલ્દી ઉઠેંગે...

પાઠશાળામેં જાયેંગે, ગુરૂજી હમેં સિખાયેંગે,

અચ્છી અચ્છી બાતેં, હસતે ગાતે ગાતે...

सर्व ज्ञानाय भवतु

ગુરૂદેવ મુજે પ્યારે હૈ, દાદા-દાદી વ્હાલે હૈ,

પિતાજી ગુસ્સા કરતે હૈ, જવાબ નહિ હમ દેતે હૈ...

હમકો બહુત પઢના હૈ, જલ્દી આગે બઢના હૈ,

નહિ કિસીસે જગડના હૈ, નહિ કિસીસે લડના હૈ...

હોટલમેં નહિ જાના હૈ, બજારમેં નહિ ખાના હૈ,

ભિક્ષુક કો દાન દેના હૈ, સબકો પ્યાર કરના હૈ...

મુગફલી હૈ ખારી, નહિ ખાના સોપારી,

મમ્મી સુનાઓ સ્ટોરી, નહિ કરેંગે ચોરી...

નિંદ નહિ આતી હૈ, સારી બાતે લાતી હૈ,

નિંદમેં આયા જો સપના, તો નવકાર મંત્ર જપના...

નવકાર કો ગુનગુનાઓ, મહાવીર પ્રભુકો ગાઓ,

ગદ્દી તકીયા બિછાઓ, ચુપ ચાપ સો જાઓ...

# આ વાત કદી ના ભુલાય

ઉઠી સવારે હાથ જોવા, ચોવીશ પ્રભુના દર્શન કરાય, હાથ જોડી બાર નવકાર ગણાય.

આ વાત કદી ના ભુલાય... જય અરિહંત (૨), જયભગવંત (૨)... (૧)

સવારે વહેલા ઉઠી જવાય, માતા પિતાને નમન કરાય,

મંદિરમાં પ્રભુના દર્શન કરાય... આ વાત... (૨)

નવકારીશુ નું પચ્ચક્ખાન કરાય, (ત્રણ) નવકાર ગણીને દાતણ કરાય,

ઉકાળેલું પાણી રોજ પીવાય... આ વાત... (૩)

કેશર ઘસી પ્રભુ પૂજા કરાય, પૂજા કરીને આંગી રચાય,

સાથીયોકરી ચૈત્યવંદન કરાય... આ વાત... (૪)

પૂજા કરી ગુરૂવંદન કરાય, વંદન કરીને શાતા પૂછાય,

ગોચરી માટે ઘેર લઈ જવાય,... આ વાત... (૫)

ગુરૂજીનું રોજ વ્યાખ્યાન સંભળાય, લેસન કરીને સ્કુલે જવાય,

ટીચરનો પણ વિનય કરાય... આ વાત... (૬)

અક્ષરવાળા કપડા કદી ન પહેરાય, ખાતા ખાતા કદી ન બોલાય,

ખાતા ખાતા કઈ ન વંચાય... આ વાત... (૭)

બેઠા–બેઠા જમે તે માણસ કહેવાય, ઉભા–ઉભા ખાય તે ભૈંસ કહેવાય,

ફાવે તેમ કદી ન ખવાય... આ વાત... (૮)

રાત્રી ભોજન કદી ના કરાય, કાંદા–બટાટા કદી ના ખવાય,

અભક્ષ્ય વસ્તુ કદી ના ખવાય... આ વાત... (૯)

ચોકલેટ–કેડબરી કદી ન ખવાય, હોટેલમાં ભોજન કદી ના કરાય,

મોટા સામે કદી ના બોલાય... આ વાત... (૧૦)

ૅ.ફ. / ફ.ડ઼ૅ.. કદી ના જોવાય, મારા–મારી કદી ન કરાય,

ખરાબ શબ્દો કદી ના બોલાય, આ વાત... (૧૧)

જો પાપ કરીએ તો નરકે જવાય, નરકમાં ત્યાં બહુ દુઃખ પમાય,

માટે આજથી પાપ છોડાય... આ વાત...(૧૨)

જો પુણ્ય કરીએ તો સ્વર્ગે જવાય, જો પાપ છોડીએ તો મોક્ષે જવાય,

માટે આજથી ધર્મ કરાય... આ વાત... (૧૩)

પાણીમાં એંઠા ગ્લાસ ન નખાય, ભોજન કદી પણ એઠું ન મૂકાય,

સાંજે ચોવિહારનું પચ્ચક્ખાન કરાય,... આ વાત... (૧૪)

jainuniversity.org
सर्व ज्ञानाय भवतु

જતા-આવતા નવકાર ગણાય, ઉઠતા-બેસતા જાપ જપાય,

નવકાર ગણીને કાર્ય કરાય... આ વાત... (૧૫)

પાઠશાળામાં રોજ જવાય (સંસ્કાર શિબિરમાં રોજ અવાય) નવા-નવા

સાચા સૂત્રો ગોખાય, સારું ભણીને સારા થવાય... આ વાત... (૧૬)

મોટા થઈ વ્રજસ્વામી બનાય, સાધુ નહિં તો શ્રાવક બનાય,

કુમારપાલ જેવા ધર્મી બનાય... આ વાત... (૧૭)

## દરેક માં-બાપો બાળકો, પાસે સમયકાઢી રાત્રે આટલું અવશ્ય બલાવશો.

બોલો, ચોવીશ તીર્થંકર ભગવાનની જય.

બેટાં, બોલ,

મોટો થઈશ, ખુબ ખુબ ભણીશ,

ડાહ્યો દીકરો થઈશ, પ્રભુ ભક્ત થઈશ,

સાચો શ્રાવક બનીશ, દીક્ષા લઈશ,

ગુરૂ ભગવંતોની સેવા કરીશ, આચાર્ય પદ મેળવીશ,

શાસનની સેવા કરીશ, અને મોક્ષે જઈશ.

### રાત્રે સૂતાં આટલું બોલો.

સોનાનું કોડિયું રૂપાની વાટ, આદીશ્વરનું નામ લેતાં સુખે જાય રાત.

નવકાર, નવકાર તું મારો ભાઈ, તારે મારે ઘણી સગાઈ,

અંત સમયે યાદ આવશોજી, મારી ભાવના શુદ્ધ રાખશોજી,

કાને મારા-કુંથુ નાથ, આંખે મારા-રનાથ,

નાકે મારા-નેમ નાથ, મુખે મારા-મલ્લીનાથ,

સહાય કરે શાંતિનાથ, પરચો પૂરે પાર્શ્વનાથ,

જ્ઞાન મારા ઓશીકે, શિયળ મારા સંથારે,

ભર નિદ્રાંમા કાળ કરું તો, વોસિરે વોસિરે વોસિરે.